# સંપાદકીય

## ...અને માંડવીમાં પણ ધૃણાસ્પદ ઘટના

દિલ્હીની નેશનલ એસોસીએશન ફોર બ્લાઈન્ડ સંસ્થામાં ત્રણ બાળકોના યૌન શોષણના ચકચારી બનાવે દેશમાં ચર્ચા જગાવી છે ત્યારે કચ્છના માંડવીમાં વિખ્યાત જૈન આશ્રમ સંસ્થામાં એક નિરાધાર પ્રજ્ઞાચક્ષુ મહિલાના બળાત્કારે કચ્છીઓમાં રોષ અને ધિક્કારની લાગણી જગાવી છે. દિલ્હીના બનાવમાં ગુનેગાર બ્રિટિશ સેવાભાવી ઝડપાઇ ગયો છે ત્યારે માંડવીના કિસ્સામાં પોલીસે ઝીણવટભરી તપાસ આદરી છે. વિશ્વભરના કચ્છીઓમાં જાણીતી આ સંસ્થામાં નિરાધારોને આશ્રય અપાય છે, પણ સોમવાર રાત દરમ્યાન રૂમની બારીના સળિયા તોડીને ઘૂસેલા બળાત્કારીએ જે આયોજનબદ્ધ રીતે કૃત્ય પાર પાડયું તેનાથી જૈન આશ્રમની પોતાની સલામતી વ્યવસ્થા સામે સ્વાભાવિક રીતે જ ગંભીર સવાલ ઊભા થાય છે. અપાયેલી માહિતી મુજબ, ૨૨ એકરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા આ આશ્રમના ૬૩ રૂમોમાં માનસિક રીતે પીડાતા અને પ્રજ્ઞાચક્ષુ નિરાધારોને આશ્રય અપાય છે. ભારે નમૂનારૂપ ગણી શકાય તેવા ઉદ્દેશ સાથેની આ સંસ્થામાં બનેલા બનાવે પોલીસને સ્વાભાવિક રીતે દોડતી અને વિચારતી કરી દીધી છે. રૂમની બારીના સળિયા તોડાયા ત્યાં સુધી સંસ્થામાં તૈનાત ચોકિયાતોને ગંધ સુદ્ધાં ન આવી તે વિધિની વક્રતા જ ગણી શકાય તેમ છે. કચ્છમાં આ પ્રકારના બનાવો નવા નથી, અગાઉ પણ યૌન શોષણના બનાવો સ્વૈચ્છિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં બનતા રહ્યા છે. આ અગાઉ ૨૦૦૮માં ભુજની ભાગોળે એસઓએસ ચિલ્ડ્રન વિલેજમાં સગીર વયની અનાથ બાળા પર સંસ્થાના બે કર્મીઓની સામે પોલીસ ફરિયાદ થઇ હતી. તે પછી ૨૦૧૧ના ઓગસ્ટ મહિનામાં નલિયાના જૈન બાળાશ્રમમાં સગીરા પર બળાત્કાર થયો હતો. આ બનાવમાં બાળાશ્રમના સંચાલક દંપતીને દસ વર્ષની કેદની સજા પણ થઇ ચૂકી છે, જ્યારે નવેમ્બર-૨૦૧૧માં ભુજની મક્કી મસ્જિદમાં ધાર્મિક શિક્ષણ માટે આવતી એક સગીરા પર બળાત્કારનો બનાવ સામે આવ્યો હતો, જેમાં દોષી મૌલાનાને સાત વર્ષની કેદની સજા થઇ ચૂકી છે. માંડવીના સોમવાર રાતના બનાવે આ ભૂતકાળના કિસ્સાની કડવી યાદોને ફરી તાજી કરી દીધી છે, સાથોસાથ આવી સંસ્થાઓમાં આશ્રય કે શિક્ષણ લેનારાં બાળકોની સલામતી વ્યવસ્થા પર તાકીદે સર્વગ્રાહી સમીક્ષાની જરૂરત ફરી સામે આણી છે. માંડવીના બનાવને પગલે ધારાસભ્યથી માંડીને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે ત્યારે આ કમભાગ્ય બનાવને કારણે જિલ્લાની સંસ્થાઓમાં સલામતીના માહોલને વધુ અસરકારક બનાવવા પર પણ ધ્યાન અપાય તે હવે સમયનો તકાદો છે. માંડવીના

# ગુરુના જ્ઞાન, પ્રેરણા અને પ્રયત્નોથી વ્યકિતનુ વ્યકિતત્વ ખીલે છે-જયદ્રથસિંહ પરમાર

**ગોધરા,** માર્ગ અને મકાન, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને પંચમહાલ જિલ્લામાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓને, સ્વચ્છ શાળાઓને અને મા નર્મદા મહોત્સવ અંતર્ગત યોજાયેલી નિબંધ, વકૃત્વ, ચિત્ર, કાવ્યગાન અને સ્લોગન સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતાં.

ગોધરાના સરદાર નગર ખંડ ખાતે યોજાયેલા શિક્ષક દિન સમારોહમાં મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે ગુરુની મહત્તા સમજાવતા જણાવ્યું હતું કે, ગુરુના જ્ઞાન, પ્રેરણા અને પ્રયત્નોથી જ વ્યકિતનું વ્યકિતત્વ ખીલે છે. વ્યકિતના જીવન ઘડતરમાં શિક્ષકનો ફાળો અમુલ્ય હોય છે. જીવનમાં આવતા સંઘર્ષો સામે લડવામાં વ્યકિતને યોગ્ય શિક્ષક જ બનાવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરૂની મહત્તા ઈશ્વરથી વિશેષ છે. માટે જ વાલીઓ પોતાના બાળકોને પૂર્ણ વિશ્વાસથી શાળાએ મોકલાવે છે તેમ વધુમાં જણાવ્યુ હતું.

પુરસ્કાર પ્રાપ્ત શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા મંત્રી શ્રી પરમારે વધુમાં જણાવ્યુ હતું કે રાજય સરકારે શિક્ષણ ક્ષંત્રે ઘણા સુધારાત્મક પગલાઓ લીધા છે. તેમજ નવી શાળાઓ, કોલેજો શરૂ કરી છે. પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાને નવિન આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ તથા ઔધોગિક વિસ્તાર હાલોલ માટે નવિન પોલીટેકનિક કોલેજ મંજુર કરી છે. આ ઉપરાંત નવા પાકા વર્ગ ખંડો અને શિક્ષકોની ભરતી રાજય સરકારે કરી છે.

ગોધરાના સાંસદ શ્રી પ્રભાતસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદ્બોધનમાં અજ્ઞાનરૂપી અંધકારને દુર કરનાર શિક્ષકને સમાજના સારા ઘડવૈયા રૂપે ગણાવ્યા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કેતુબેન દેસાઇએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, માટી માંથી સોનુ બનાવવાની કલા શિક્ષક પાસે હોય છે. સુરાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકોનું યોગદાન બહુમૂલ્ય હોય છે. સરકારે બાળકોના શિક્ષણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે જેનો લાભ છેવાડાના અને વંચિત બાળકોને અપાવવા શિક્ષકો માધ્યમ રૂપ ભૂમિકા ભજવે તેમ ભાર પૂર્વક જણાવ્યુ હતું.

સમારોહનું શાબ્દિક સ્વાગતમાં જિલ્લા સમાહર્તા શ્રી એસ.કે.લાંગાએ શિક્ષક દિનને ગુરૂના ઋણનો સ્વીકાર અને સ્મરણનો પાવન દિવસ ગણાવતા જણાવ્યું હતું કે, દેશના દ્વિતિય રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન આજીવન શિક્ષક રહયાં હતાં અને તેમના જીવન -કવનને ચિરઃ સ્મરણિય બનાવવા શિક્ષક દિનની ઉજવણી દેશભરમાં કરવામાં આવે છે.


શ્રી લાંગાએ સૃષ્ટીમાં માનવના પ્રાદુર્ભાવ અને વિકાસની વિભાવના આપતા જણાવ્યું હતું કે, રેતીમાં કરેલા રેખાંકન અને પથ્થર પર કરેલા લીટાના ચિન્હો માનવે અવાજને અનુરૂપ કર્યા હશે અને તેમાંથી ભાષાનો જન્મ થતાં શબ્દ દેહરુપી ભાષા વિદ્યા બની અને મનુષ્યને જ્ઞાનવાન બનાવ્યો. ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ-શિષ્ય પરંપરાનું અદકેરૂં મહત્વ છે. શિક્ષક જ્ઞાનને સંપ્રાત કરે છે જયારે શિક્ષણ વિચાર કરવા પ્રેરે છે. શિક્ષણનું મોટુ સ્વરૂપ કેળવણી છે. વેદમાં પણ મુકિત માટે વિદ્યાને જરૂરી ગણાવી છે અને ગુરૂ જ મુકિત માટે માર્ગદર્શક બને છે. માટે જ આજનો દિવસ ગુરુના ઋણને ફેડવાનો છે તેમ શ્રી લાંગાએ ઉપસ્થિતોને જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તાલુકા કક્ષાના ૧૧, જિલ્લા કક્ષાના બે શ્રેષ્ઠ શિક્ષકો અને એક કેળવણી નિરિક્ષકને રોકડ પુરસ્કારનો ચેક, શાલ, પ્રમાણપત્ર અને સ્મૃતિ ચિન્હ આપી સન્માનવામાં આવ્યા હતા. સાથે નવતર પ્રયોગરૂપે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓને અને જિલ્લામાં જે શાળાઓ સ્વચ્છતામાં અગ્રેસર રહી તે શાળાઓને સન્માનવામાં આવી હતી. મા નર્મદા મહોત્સવ અંતર્ગત યોજવામાં આવેલી વિવિધ સ્પર્ધાઓની પ્રાથમિક શાળાઓના વિજેતા વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા.

જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલા, ગોધરાની દલુની વાડી પ્રાથમિક શાળાના શ્રેષ્ઠ શિક્ષક ભારતસિંહ સોલંકીએ તેમને મળેલા રોકડ પુરસ્કાર રૂા. ૧૫૦૦૦/- માં પોતાના રૂા. ૧૧૦૦૦/- ઉમેરી દલુની વાડી પ્રાથમિક શાળાના બાળકોને આર.ઓ.પ્લાન્ટ વોટર કુલર સાથે, આ પ્રસંગે ભેટ આપવાની જાહેરાત કરી હતી.

સમારોહમાં ગોધરા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વિદ્યાબેન હરવાણી, અગ્રણી શ્રી અશ્વિનભાઇ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લાના શિક્ષકો, નગરજનો અને વિદ્યાર્થિઓ ખુબ મોટી સંખ્યમાં ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમનું આભાર દર્શન જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.બી.ઝવેરીએ કર્યું હતું.

## ઝી સિનેમા રજૂ કરે છે ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે નિહાળો અક્ષય કુમારની ફિલ્મ અંદાજ




અક્ષય કુમારે અલગ અલગ ઝોનરની ફિલ્મો કરી છે અને તે બધી બોક્સ ઓફિસ પર સફળ નિવડી છે. તેઓએ ટીવી પર પણ ઘણા વ્યૂઅરશીપ રોકેર્ડ તોડયા છે. બોલિવુડના આ ખેલાડીના ૨૫ વર્ષથી વધુ કેરિયરના સેલિબ્રેશનના ભાગ રૂપે ઝી સિનેમા હવે દરેક શનિવાર ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ વાગ્યે 'શનિવાર કી રાત અક્ષય કે સાથ'માં તેઓની ફિલ્મો રજૂ કરશે. અક્ષય કુમારના જન્મદિવસ પર ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે તેઓની રોમેન્ટિક ફિલ્મ અંદાજ ટેલિવિઝન પર પહેલી વાર રજૂ કરવામાં આવશે.

'શનિવાર કી રાત અક્ષય કે સાથ'માં અક્ષય કુમારની સફળ ફિલ્મો રજૂ કરવામાં આવી રહી છે, આ ફિલ્મોનુ પ્રસારણ ટેલિવિઝન પર પહેલી વાર થવા જઈ રહ્યું છે. તો ચલો સેલિબ્રેટ કરીએ આ ખેલાડીનો ૫૦મો જન્મદિવસ અંદાજ સાથે શનિવાર ૯ સપ્ટેમ્બર રાત્રે ૯ કલાકે, માત્ર ઝી સિમેના પર. (૧૯-૮)

## કેમ્બ્રીજ યુનિર્વસીટી પ્રેસે શ્રી હરી ઈમિગ્રેશન એન્ડ પ્રા.લિ. સાથે સહયોગ કર્યો

**અમદાવાદ,** IELTS કોચિંગ માટે ભાષાકીય શિક્ષણ અને મુલ્યાંકનમાં સુધારો કરવાનાં અને ગુજરાતમાં વિદેશી ડિગ્રી ઈચ્છતા ઉમેદવારનાં વર્ગનાં શિક્ષણ અનુભવો સુધારવાનાં હેતુથી કેમ્બ્રીજ યુનિર્વસીટી પ્રેસ (CUP), વિશ્વનાં અગ્રણી ELT પબ્લીશરે આજે શ્રી હરિ ઈમિગ્રેશન એન્ડ ટ્રાવેલ્સ પ્રા.લિ. સાથે તેમની ભાગીદારીની જાહેરાત કરી હતી. આ સાથે શ્રી હરિ કેમ્બ્રીજ યુનિર્વસીટી પ્રેસ, ભારતના પશ્ચિમ ઝોન માટે પ્લેટિનમ પાર્ટનર તરીકે બોર્ડ પર આવશે અને IELTS કોચિંગ માટે તેમનાં સંશોધિત અને વૈજ્ઞાનિક ડિઝાઈન ધરાવતી કેમ્બ્રીજસત્તાવાર કોચિંગ સામગ્રીનો લાભ લેશે.

ભાગીદારીનાં ભાગરૂપે બધા કાઉન્સીલરો અને IELTS તાલીમાર્થીઓ શ્રી હરિ ઈમિગ્રેશન અને ટ્રાવેલ સાથે સંકળાઈને કેમ્બ્રીજ યુનિર્વસીટી પ્રેસ દ્વારા નિષ્ણાતો મળશે જે તેમને IELTS ઉમેદવારોનાં શ્રેષ્ઠ ફાયદાઓમાં સત્તાવાર તૈયારીની સામગ્રીનો ઉપયોગ કરવા માટે તેમને સક્ષમ બનાવશે. હાલમાં, શ્રી હરિ પાસે ૪ કેન્દ્રો જેવા કે અમદાવાદ, મહેસાણા, ભાવનગર અને કલોલમાં આશરે ૨૦ તાલિમાર્થીઓ બોર્ડ પર ધરાવે છે તેઓ આવનાર સમયમાં ગાંધીનગર, સુરત, વડોદરા મુંબઈ અને ઉદેપુરમાં ટુંક સમયમાં વધુ સેન્ટરો મારફત તેમની સેવાઓનો વિસ્તાર કરશે. (૨૦-૪)

## રાજકોટ ખાતે યોજાનાર એરફોર્સ ભરતી મેળામાં ૧૧ સપ્ટે. ના રોજ ગીર સોમનાથ જિલ્લાના ઉમેદવારો ભાગ લઈ શકશે

**ગીર સોમનાથ,** વિંગ કમાન્ડરશ્રી, એરમેન સિલેકશન સેન્ટર, એરફોર્સ, મુંબઈ દ્વારા ભારતીય હવાઈદળમાં ગ્રૂપ-રૂ ની જગ્યાઓ માટે, વિર સાવરકર ઈંડોર સ્પોર્ટસ સ્ટેડીયમ, રેસ કોર્સ રોડ, રાજકોટ ખાતે ભરતી રેલીનું આયોજન કરવામાં આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાના ઉમેદવારો માટે તા-૧૧/૦૯/૨૦૧૭ ના રોજ સવારના ૫.૩૦ કલાકથી ભરતી રેલીમાં પ્રવેશ આપવામાં આવનાર છે. શૈક્ષણીક લાયકાતમાં કેંદ્રીય બોર્ડ/રાજય પરીક્ષા બોર્ડ ધો. ૧૨(૧૦+૨) કોઈ પણ પ્રવાહ અને તેની સમકક્ષ વ્યવસાયલક્ષી કોઈપણ અભ્યાસક્રમમાં સરેરાશ ૫૦% માર્કસ સાથે પાસ, અંગ્રેજીમાં ૫૦% માર્કસ સાથે પાસ, તથા વય મર્યાદા- ૧૩ જાન્યુઆરી ૧૯૯૮ થી ૨૭ જુન ૨૦૦૧ વચ્ચે (બંને તારીખો સહિત) જન્મેલા હોવા જોઈએ તથા ઉંચાઈ ૧૬૫ સે.મી તથા તેનાથી વધુ ઉંચાઈ ધરાવનાર ઉમેદવારો ભરતી રેલીમાં ભાગ લઈ શકશે, આ ઉપરાંત તા- ૧૧/૦૯/૨૦૧૭ ના રોજ પ્રથમ ડોક્યુમેન્ટ વેરીફીકેશન, એડેપ્ટેબીલીટી ટેસ્ટ-૧ અને ત્યારબાદ લેખીત પરીક્ષા લેવામાં આવશે અને ત્યારબાદ ઉપરોક્ત પ્રક્રીયામાંથી પસાર થનાર ઉમેદવારોને તા-૧૨/૦૯/૨૦૧૭નાં રોજ ફિઝીકલ ફિટનેશ ટેસ્ટ અને એડેપ્ટેબીલીટી ટેસ્ટ-૨ લેવામાં આવશે, ફિઝીકલ ફિટનેશ ટેસ્ટમાં ૧.૬ કિ.મી. ની દોડ ૭ મિનીટમાં પૂરી કરવાની રહેશે, ત્યારબાદ ૧૦ પુસ-ઉપ, ૧૦ સીટ-ઉપ અને ૨૦ સ્કોટસ સમયમર્યાદામા કરવાના રહેશે. દરેક ઉમેદવારોએ ૦૭ પાસપોર્ટ સાઈઝ કલર ફોટોગ્રાફ,(૦૩ માસની અંદર પડાવેલા,ટોપી અને ગોગલ્સવગરના), ૦૨(૨૬ સે.મી ટ ૧૨ સે.મી. ના) સફેદ સ્ટેમ્પ વગરના પોતાનું સરનામું લખેલા કવરો, તમામ ઓરીજનલ માર્કશીટો, પાસીંગ સર્ટીફિકેટ, એન.સી.સી સર્ટીફિકેટ, ડોમીસાઈલ સર્ટીફિકેટ અને દરેકની ૦૪ ઝેરોક્ષ નકલો (સ્વ-પ્રમાણીત), ૧૮ વર્ષથી વધુ વય ધરાવતા ઉમેદવારોએ તેમની સહીવાળુ અને ૧૮ વર્ષથી ઓછી વયના, ઉમેદવારોએ તેમની અને વાલીની સહીવાળું અલગ અલગ con-sent from (ફોર્મ) નીચે દર્શાવેલ નમુના મુજબ લાવવું જરૂરી છે, ઉમેદવારોને સફેદ કલરનું બનીયાન પહેરવાની સલાહ આપવામાં આવે છે.

## મૌઉજીમ દ્વારા સનગ્લાસીસની નવી રેન્જ 'કુમુ'ની રજૂઆત કરવામાં આવી



**અમદાવાદ,** હાઈએન્ડ ચશ્મા ની બ્રાન્ડ મૌઉજીમ દ્વારા દ્વારા સનગ્લાસીસ ની નવી રેન્જ 'કુમુ 'ની રજૂઆત કરવામાં આવી છે જે ખાસ કરીને શારીરીક સક્રીય વપરાશકર્તાઓ માટે બનાવ્વામાં આવ્યું છે.આ સનગ્લાસીસ ખૂબજ ઓછા વજન ના અને લવચીક ફ્રેમ સાથે આવે છે, કુમુ ની ૮ આધાર ફ્રેમ અને વધારા ના લેન્સ ગ્રાહકો ને સૂર્યના હાનિકારક કિરણોથી રક્ષણ આપે છે જેની બજાર કિંમત રૂ.૧૮,૪૯૦/- છે.

મૌઉજીમ ઈન્ડિયા ના મેનેજીંગ ડિરેકટર આઈ રહમતુલ્લાહ એ જણાવ્યું કે "અમારી નવી શ્રેણીમાં અમે સૌથી વધું ટેક્નોલોજીકલી અદ્યતન લેન્સ નો સમાવેશ કર્યો છે જે સૂર્યના હાનિકારક યુવીએ અને યુવીબી કિરણો સામે આંખો ને શ્રેષ્ઠ રક્ષણ આપે છે.આ સનગ્લાસીસ ગ્લોસ બ્લેક,મેટાલીક ગ્લોસ કોપર અને ગ્યુમેન્ટલ જેવા ગતિશીલ રંગોમાં આવે છે."

મૌઉજીમ ના સનગ્લાસીસ સ્કિન અને કેંસર ફાઉન્ડેશન દ્વારા સુજવ્વામાં આવે છે કેમકે આંખો અને આસપાસ ની ત્વચા માટે સનગ્લાસ પ્રભાવશાળી યુવી ફીલ્ટર નું કાર્ય કરે છે.ઉચીત રીતે યુવી સુરક્ષા મહત્તવપૂર્ણ હોય છે કેમકે સૂર્ય થી નિકળતા અલ્ટ્રાવોયલેટ(યુવી) વિકિરણ ને કારણેજ કેન્સર થાય છે.અંદાજે ૮૬ ટકા મેલાનોમા અને ૯૦ ટકા નોન- મેલાનોમા ત્વચા કેન્સર માં સૂર્ય ના યુવી કિરણો ના વિકિરણ જેવાજ હોય છે. (૧૩-૯)

## આ નવરાત્રિમાં સેલિબ્રિટીઓ તમને શોપિંગ ડેટ પર લઈ જશેઃ અમદાવાદમાં અમદાવાદ ટાઈમ્સ કહે છે

**રાષ્ટ્રીય,** નવરત્રિ અમદાવાદમાં સૌથી લોકપ્રિય તહેવારમાંથી એક છે, જે નવ દિવસ દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. આખું ગુજરાત રાજ્ય દેવી દુર્ગા અને તેના સંતાનનું સ્વાગત કરવા માટે સુસજ્જ છે. આ વર્ષે ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનું અવ્વલ દૈનિકની મનોરંજન અને લાઈફસ્ટાઈલ પુરવણી અમદાવાદ ટાઈમ્સે નવી ઝુંબેશ શોપ વિથ ધ સ્ટાર્સ રજૂ કરી છે, જે આ ઉજવણીના નવ દિવસોમાં અમદાવાદમાં તહેવારની ખુશીઓમાં વધુ ઉમેરો કરશે. ફેશન અને ફેસ્ટિવલ્સ ભારતનું અવિભાજ્ય અંગ છે. આવા સંજોગોમાં નવરાત્રિમાં શોપિંગ પણ અમદાવાદમાં દરેકેદરેકનું અવિભાજય અંગ હોઈ આ સમયગાળામાં રસિકો અને ખેલૈયાઓ ડિઝાઈનરો અને બ્રાન્ડ્સના નવા શોપિંગ પ્રવાહો, ફેશન ટિપ્સ અને નવા કલેકશન્સ પર બારીકાઈથી નજર રાખીને હોય છે. આવા સંજોગોમાં જો ઢોલીવૂડની અવ્વલ સેલિબ્રિટીઓ તમને શોપિંગ ડેટ પર આવવા માટે આમંત્રણ આપે તો શું થશે. હા, અમદાવાદ ટાઈમ્સ દ્વારા અમદાવાદ માટે આ વર્ષે નવરાત્રિ દરમિયાન આવું જ કાંઈક નિયોજન કર્યું છે.

તહેવારોમાં ઉજવણી માટે મિત્રો અને પરિવારો એકત્ર આવે ત્યારે તેમાં ચાર ચાંદ પુરાઈ જતા હોય છે. આ દિવસોમાં શું પહરવું અને કઈ રીતે પહેરવું તે વિશે ચર્ચા, દલીલો ચાલે છે અને આખરે તેમાંથી ઉત્તમ લૂક હાંસલ કરવાની ખુશી મળે છે. હવે કલ્પના કરો કે તમારા ફેશન આઈકોન સાથે આવું કરવા મળે તો કેવું રહેશે. અમદાવાદ ટાઈમ્સ અવ્વલ ગુજરાતી કલાકારો અને સેલિબ્રિટીઓ દીક્ષા જોશી, મલ્હાર ઠાકર અને ભક્તિ કુબાવત સાથે આ વર્ષની નવરાત્રિ શોપિંગ ટ્રિપ્સમાં મસાલો ઉમેરી રહી છે, જેઓ તમને તહેવાર માટે તૈયારી કરવા શોપિંગ ડેટ પર લઈ જશે. મલ્ટીમિડિયા પર ઈન્ટરએક્ટિવ કેમ્પેઈન તરીકે લોન્ચ કરાયેલી આ ઝુંબેશમાં દર્શકોએ શ્રેણીબદ્ધ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે, જેના થકી તેઓ આ શોપિંગ ટ્રિપ જીતી શકે છે. આટલું જ નહીં, વિજેતાઓને અમદાવાદ ટાઈમ્સ દ્વારા પ્રાયોજિત તેમનો ફેસ્ટિવ વોર્ડરોબ પણ મળી શકે છે. (૧૯-૮)

## એક્સિસ બેંકએ ભૂજમાં નવી શાખાનું ઉદ્ઘાટન કર્યું

**ભૂજ,** ભારતની ખાનગી ક્ષેત્રની ત્રીજી સૌથી મોટી બેંક એક્સિસ બેંકએ ભૂજમાં વાણિયાવાડમાં તેની નવી શાખા ખોલવાની જાહેરાત કરી હતી, જે ડિપોઝિટ, લોન્સ તેમજ સેવિંગ્સ અને કરન્ટ એકાઉન્ટ અને લોકર સુવિધાઓની વિસ્તૃત રેન્જ ઓફર કરશે.

એક્સિસ બેંક ગ્રાહકો સુધી પહોંચવા શાખાનો ઉપયોગ કરશે તથા તેમને એક્સિસ પે, એક્સિસ મોબાઈલ એપ્લિકેશન વગેરે વિવિધ ડિજિટલ ઓફર અને સુવિધાઓની સેવાઓ સાથે સક્ષમ બનાવશે. તે ગ્રાહકોને તેમના રોજિંદા વ્યવહારો માટે ચુકવણીની ડિજિટલ પદ્ધતિનો ઉપયોગ વધારે કરવા સતત જાણકારી અને પ્રોત્સાહન આપશે. ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન્સ પર એક્સિસ બેંક કેશલેસ વ્યવહારો હાથ ધરવા સમગ્ર ભારતમાં ઈચ્છિત માળખું ઓફર કરે છે. બેંકના ક્યુઆર આધારિત સ્કેનિંગ સોલ્યુશન્સ કેશલેસ વ્યવહારો હાથ ધરવા નાનાં વેપારીઓ માટે શ્રેષ્ઠ ડિજિટલ પ્લેટફોર્મ ધરાવે છે.

આ શાખાના ઉદ્ઘાટન પર બોલતાં એક્સિસ બેંકના બ્રાન્ચ બેંકિંગના હેડ શ્રી સંજય સિલાસે કહ્યું હતું કે, "અમને ભૂજમાં અમારી નવી શાખા ખોલવાનો અતિ આનંદ છે. અમે ગુજરાતમાં રિટેલ અને સંસ્થાગત ગ્રાહકો વચ્ચે બેંકિંગ સેવાઓ અને ઉત્પાદનોની માગમાં વધારો જોયો છે તથા આ ફરક દૂર કરવા અમે અમારા વર્તમાન નેટવર્કનું વિસ્તરણ કરી રહ્યાં છીએ, જે ગ્રાહકોને સેવા આપશે અને તેમના સંપૂર્ણ બેંકિંગ અનુભવને વધારે શ્રેષ્ઠ બનાવશે. અમે અમારા સતત વધતા ગ્રાહકો માટે ડિજિટલ-સંચાલિત અનુકૂળતા સાથે બેંકિંગની શ્રેષ્ઠ સેવાઓ લાવવા પ્રતિબદ્ધ છીએ." (૧)

## સોનાલિકા આઈટીએલે ૫૦થી ઓછી એચપી ની કેટેગરીમાં ૪૮.૮%ની વૃદ્ધિ નોંધાવી



**અમદાવાદ,** ભારતની યુવા અને ત્રીજા નંબરની સૌથી મોટી ટ્રેકટર બ્રાન્ડ, સોનાલિકા ઈન્ટરનેશનલ ટ્રેકટર્સ લીમીટેડે, એપ્રીલ-જુલાઈ માં ૪૮.૮%ની વોલ્યુમ વૃદ્ધિ નોંધાવી છે અને બજાર હિસ્સામાં ૪.૭% ટકા વધારો કર્યો છે જેના દ્વારા તેનું ગુજરાતમાં સ્થાન મજબુત બનાવી શકે. એપ્રીલ-જુલાઈ દરમ્યાન, કંપનીનો બજાર હિસ્સો પણ ૨% સુધી ૪૧-૫૦ એચપી કેટેગરીમાં વધ્યો હતો.

સોનાલિકા ટ્રેકટર્સ મોટા અને શક્તિશાળી એન્જીન દ્વારા મજબુત બનાવવામાં આવ્યા છે (પ્રતિસ્પર્ધીઓ કરતાં ૨૦-૨૫% મોટા એન્જીન) જે ઉચ્ચ ટોર્ક અને અવિરત પાવર પર્ફોમન્સ આપે છે. તેની ઝડપ બીજી ટ્રેકટર બ્રાન્ડ કરતાં ઓછામાં ઓછી ૧૦-૧૨% વધુ છે. મલ્ટી-સ્પીડ હેવી ડ્યુટી ગીયર બોક્સ એન્ડ ચોઈસ ઓફ પીટીઓ સ્પીડ જેવા ફીચર્સ તેને ડેરી, બટાકાની ખેતી તથા કોમર્સીયલ ઉપયોગ માટે શ્રેષ્ઠ બનાવે છે. સોનાલિકા ટ્રેકટર્સ એડવાન્સ ટેક્નોલોજી ફીચર્સ થી સજ્જ છે જેમ કે વ્યક્તિગત પાવર સ્ટીયરીંગ, ઓઈલ ઈમર્સ્ડ બ્રેક, સાઈડ સીફ્ટ ફુલ કોન્સટન્ટ મેસ ગીયર બોક્સ જે લાંબા સમય કામ કરવાની આસાની આપે છે. (૭-૪)

## કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે મલાવ તળાવની સાફસફાઈ સાથે 'સ્વચ્છતા પખવાડા'ની પહેલ પૂર્ણ કરી




**અમદાવાદ,** કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે તેની સીએસઆર કામગીરી હેઠળ "સફાઈ સંકલ્પ" અભિયાન સફળતાપૂર્વક સંપન્ન કરીને રાષ્ટ્રીય સ્વચ્છતા પખવાડિયું પૂર્ણ કર્યું હતું. સ્વચ્છતા અભિયાન અંતર્ગત અમદાવાદ નજીક ધોળકામાં સાંસ્કૃતિક વારસા સમાન સ્મારક મલાવ તળાવમાં સાફસફાઈ કરી હતી. તેમાં કંપનીનાં કર્મચારીઓ ઉપરાંત આર્કીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) અને ધોળકા નગરપાલિકાનાં વરિષ્ઠ પ્રતિનિધિઓ જોડાયા હતાં, જેથી આપણા રાષ્ટ્રીય સાંસ્કૃતિક વારસા સમાન સ્મારકનું જતન કરવાની લોકજાગૃતિ ફેલાવી શકાય.

આ પહેલ અંતર્ગત સમગ્ર દેશમાં કંપનીનાં વ્યાવસાયિક સ્થળોમાં અનેક સ્વચ્છતાં અભિયાનો અને સામુદાયિક જાગૃતિ કાર્યક્રમોનું આયોજન થયું હતું. પંચાયતનાં સભ્યો, ગ્રામજનો અને શાળાનાં બાળકો ઉપરાંત કેડિલા ફાર્માસ્યુટિકલ્સનાં કર્મચારીઓએ ગામડાઓમાં જાહેર સ્થળો, શાળાનાં સંકુલોમાં સાફસફાઈ કરી હતી તથા વિવિધ રોગ ન થાય એ માટે સ્વચ્છતાની મહત્તાનો સંદેશ આપ્યો હતો.

રસાયણ અને ખાતર મંત્રાલય દ્વારા જાહેર થયેલ સ્વચ્છ પખવાડા અભિયાનની ઉજવણી અંતર્ગત કેડિલા ફાર્માસ્યુટિકલ્સની ટીમે તેમનાં સંબંધિત એકમો ખાતે સ્વચ્છતા જાળવવાની અને શ્રેણીબદ્ધ જાગૃતિ કાર્યક્રમોમાં સક્રિયપણે સહભાગી થવાની પ્રતિજ્ઞા લીધી હતી, જેમાં સ્વચ્છતા અભિયાનો અને જાગૃતિ રેલીઓ અને શેરી-નાટકો સામેલ હતાં. (૧)

## મને ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવવાની તક મળી તેની બેહદ ખુશી છેઃ વિશાલ જેઠવા




બિગ મેજિકનો ધાર્મિક શો ચક્રધારી અજય કૃષ્ણ ભગવાન કૃષ્ણ આસપાસ વીટળાયેલી રોમાંચક વારતારેખા સાથે દર્શકોને મોહિત કરી રહી છે. ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવતો અભિનેતા વિશાલ જેઠવાને શોમાં અદભુત અભિનય કુશળતા માટે સમુદાયો દ્વારા ખૂબ સરાહવામાં આવી રહ્યો છે.

આ વિશે ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવવાનો અનુભવ જાણવા માટે અમે આ અભિનેતાનો સંપર્ક કરતાં તેણે જણાવ્યું હતું કે મને ધાર્મિક શ્રેણીનો હિસ્સો બનવાનું ગમે છે અને તેમાંય ભગવાન કૃષ્ણનો અવતાર ભજવવાનો મોકો મળ્યો તેનાથી મારી ખુશીનો કોઈ પાર નથી. મને પહેલી જ વાર આવી ભૂમિકાની ઓફર મળી હતી, જેને લીધે તાત્કાલિક મેં તેનો સ્વીકાર કર્યો હતો. શોનો હિસ્સો બનવા માટે વિચાર કરવાનો કોઈ પ્રશ્ન જ નહોતો.

તેણે એમ પણ જણાવ્યું કે મેં ભગવાન કૃષ્ણની વારતા વિશે થોડું વાંચ્યું હતું, પરંતુ આ શો થકી મને ઘણી બધી વાસ્તવિકતાઓ જાણવા મળી છે. મને આ પ્રવાસમાં ઘણું બધું શીખવા મળ્યું છે અને તેથી ભગવાન કૃષ્ણની ભૂમિકા ભજવવાનો મોકો મળ્યો તેની બેસુમાર ખુશી છે. (૧૯-૮)

## કેપેસાઈટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડનો ઈશ્યૂ ૧૩ સપ્ટેમ્બરનાં રોજ ખુલશે






**અમદાવાદ,** દેશમાં રેસિડેન્શિયલ, કમર્શિયલ અને ઈન્સ્ટિટ્યૂશનલ બિલ્ડિંગ પર કેન્દ્રિત સૌથી વધુ ઝડપથી વિકસતી કન્સ્ટ્રક્શન કંપનીઓમાંની એક મુંબઈ સ્થિત કેપેસાઈટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિમિટેડ ("કંપની") તેની પ્રથમ ઈનિશિયલ પબ્લિક ઓફર ("આઈપીઓ") લાવશે, જે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ ખુલશે અને ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ બંધ થશે. રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા કંપનીનાં દરેક ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")ની પ્રાઈઝ બેન્ડ રૂ. ૨૪૫થી રૂ. ૨૫૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂ ગાળો ઈશ્યુ ખુલવાની તારીખ અગાઉનાં કામકાજનાં એક દિવસ અગાઉ એટલે કે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ હશે.

આઈપીઓ રૂ. ૪,૦૦૦ મિલિયન સુધીનો ચોખ્ખો ઈશ્યૂ ધરાવે છે. કંપનીએ ઈશ્યુની ચોખ્ખી આવકનો ઉપયોગ (૧) કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે ભંડોળ પૂરું પાડવા; (૨) મૂડી અસ્કયામતો (સિસ્ટમ ફોર્મવર્ક)નાં ફંડિંગની ખરીદી; અને (૩) સાધારણ કોર્પોરેટ હેતુઓ માટે થશે.

સીક્યોરિટીઝ કોન્ટ્રાકટક્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)ને, જેમાં સમયેસમયે સુધારા મુજબ, આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમ ૪૧ સાથે વાંચતા અને આઈસીડીઆર નિયમનના નિયમન ૨૬(૧)નું પાલન કરીને બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે ઈશ્યૂ પ્રસ્તુત કરવામાં આવ્યો છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("ક્યુઆઈબી પોર્શન")ને ઓફર કરવામાં આવશે. જોકે અમારી કંપની બીઆરએલએમ સાથે ચર્ચા કરીને વિવેકના આધારે એન્કર રોકાણકારોને ક્યુબીઆઈનો ૬૦ ટકા સુધી હિસ્સો ફાળવી શકે છે ("એન્કર ઈન્વેસ્ટર પોર્શન"). એન્કર રોકાણકારનો એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી એન્કર રોકાણકારને ફાળવણીની કિંમત પર કે તેનાથી વધારે કિંમતે બિડ મળવાને આધિન છે. (૩-૧)

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

